આ ચોપડીના પઈસા ધરમાદામાં વાપરવાના છે

શ્રી ગણેશાય નમઃ

સર્વ ગંગાના પવિત્ર નિર્મળ જળવત્ મહાત્મા

શ્રી

સર્યુદાસજી

ના તમામ ગુર્જરી પ્રજાને થયેલો

સંત વિયોગ

ભાગ ૧ લો.

લખનાર

શેઠ રણછોડલાલ બાલાભાઈ

પ્રસિદ્ધ કરનાર.

ભગવાનદાસ સાંકળચંદ.

અમદાવાદ

આવૃત્તિ પહેલી. · પ્રત ૨૦૦૦ બે હજાર.

અમદાવાદમાં મણિકંઠ ગેઝેટ પ્રિન્ટીંગ પ્રેસમાં આ મેનેજરે

વ્યાસ મોતીલાલ છોટાલાલે છાપી.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૧

કીંમત નવ પાઈ

શ્રી ગણેશાય નમઃ

સરયૂ ગંગાના પવિત્ર નિર્મળ જળવત્ મહાત્મા

શ્રી

સર્યુદાસજી

નો તમામ ગુર્જરી પ્રજાને થયેલો

સંત વિયોગ.

ભાગ ૧ લો.

લખનાર

શેઠ રણછોડલાલ બાલાભાઇ

પ્રસિદ્ધ કરનાર.

ભગવાનદાસ સાંકળચંદ.

અમદાવાદ

આવૃતિ પહેલી. પ્રત ૨૦૦૦ બે હજાર.

મહિકાંઠા ગેઝેટ પ્રિન્ટીંગ પ્રેસમાં

વ્યાસ મોતીલાલ છોટાલાલે છાપી.

સંવત ૧૯૬૮ સને ૧૯૧૧

કીંમત નવ પાઇ

સર્યુ ગંગાના પવિત્ર નીર્મળ જળવત્ મહાત્મા

શ્રી

સર્યુદાસજી

ના તમામ ગુર્જરી પ્રજાને થયેલો

સંત વિયોગ.

દોહરો.

દેવ દયા તું લાવજે, માગુ તારી પાસ;
સુખે સર્યુદાસનો, સ્વર્ગે કરજો વાસ.

છપ્પા.

સુર્ય સમ સર્યુદાસ, મહા ભક્ત તે જાણો;
ભક્તિ તણા વિવેકી, પુરૂષમા તેહ પ્રમાણો;
ધીરજ રહે સદાય, ક્રોધને નાંખ્યો કાઢી;
માયા લોભ ને મોહ, મુળેથી નાંખ્યા વાઢી;
શાંતિ બખ્તર પહેરીને રહે છે હરી હજુરમાં;
ત્રિવિક્રમ આવા સુસંતની ટેલ કરૂં રહી મજુરમાં. ૧
કથા તણો રસબોધ, સુણે સહુ જન અધિકારી;
શાંતિ પ્રસરી રહે; ભુવનમાં જોતાં ભારી;
શાંતિ શાંતિ તે ઠામ, રહી છે આપ છવાઇ;
આત્યંન્તિક જ્ઞાન વિવેક, તણી ચર્ચા થાયે ત્યાંહિ;

આ ગંગામાં જે ન્હાયો નહિ, તે વ્યર્થ આવ્યો સંસારમાં
ત્રિવિક્રમ તે માણસ નહિ, ગણવો તેને ગમારમાં. ૨
પારસ પરસે લોહ થાય કંચન એક ક્ષણમાં,
ખર કરે સતસંગ, થાય સંત જનની ગણના;
મળે કસ્તુરીમાં હીંગ મુલમાં સમુળગું ફુટે,
કંચન પીતળમાંય, ભળેથી સમુળગું ખુટે;
જેને જેવો સંગ છે, તેવો રંગ જણાય છે;
ત્રિવિક્રમ સંગ પ્રભાવથી, સત સંગે વૈકુંઠ જાય છે. ૩
રાજ નગરની માંય દરીયાપુર છે શેરી;
કુળ કણબીનો વંશ સંત સર્યું થયા લ્હેરી;
સમ દ્રષ્ટી સહુ પરે, પ્રેમે પુરણ પ્રીત રાખે,
જ્ઞાન ભક્તિ વૈરાગ્ય, કથે સદ શાસ્ત્રની સાખે;
અમ્રત સમ વાણી મુખ થકી, ઉચ્ચારે મન અતી ભાવતી;
ત્રિવિક્રમ કહે સદ બોધ કરતાં, ચંદ્રકળા મુખ શોભતી; ૪
સર્યુંદાસ મહામણી, તાર્યો પુરનો સહુ સાથ,
રટે રાત દીન નામ, રટાવે શ્રી રઘુનાથ;
ભવરૂપીનું નાવ, સર્યુંદાસને પ્રમાણો;
ભક્તિના ભાનુ આપ, સૌ જન ઉરમાં જાણો;
સર્યુંદાસ છે પારસમણી, લોહ જેમ કંચન થાય છે;
જેમ રવી પ્રગટે રજની સમે તેમ તેમ ચોદીશ
અજવાળું જાય છે. ૫

કલ્પવૃક્ષનું બીજ, વાવી પોતે જળ સીંચે,
વિધ વિધનાં ફળ થાય, જે જેવાં ઇચ્છે;
તેવાં ફળ તેને મળે, જેવો જન હોય અધીકારી;
આપી મુકિતનું જ્ઞાન, સકળ ગુર્જર ખંડ તારી:
ભાગીરથ ગંગા લાવીઓ, ઘોડાણો લાવ્યો રણછોડને
તેમ અર્બુદાસ ભકિત લાવીયા, પુર્યા સહુના કોડને—૬

છપા.

રાવણના મરણ સમયે તેના મનમાં રહેલા મનસુબા.

ભુમીના ભારથી, શેષનું શીષ છોડાવત;
ચંદ્ર કરત નીશ કલંક, જઇ જમ પુરી મારત
લાવીને અમીકુપ, સાત સાગરમાં ખોડતાં;
જરા જનમનો ભય, મૃત્યુ લોકથી કાઢત;
એમ સરવના દેખતાં, રાવણ મુખથી ઓચરે
રામના બાણપર સંન્નથી, પ્રાણ પછીથી નીસરે
અવનીને કનકે મઢત, રજનીને નાખત મારી.
સીડી કરત સ્વર્ગની, જવા આવવાને સારી.
રવીને કરત હુકમ, નહીં રજની મય થાવું;
પૃથ્વી મુકીને તારે, પશ્ચિમ દીશે નવ જાવું.
એવા બહુ વિધવિધ જાતના, મનસુબા મનમાં રહીગયાં;
ત્રિવિક્રમ રામના બાણથી, રાવણભાઇ કાળને વશ થયાં;

અભિમાન વિષે છપ્પા

હાથી હોદ્દે ચઢે, કંઈક સુખ પાલે મ્હાલે
કરે સહેલ ચઢી વ્હેલ, અનુચર આગળ ચાલે.
કંઈક અમલ મદ વડે. રહે મનથી મદ માતા
ભલા કંઈક ભોજન, સરસ ખટરસ નાખતા.
મ્હોટા મંદીર સુખ માણતા, મુખ વદતા અભિમાનમાં
રણછોડ કહે મુખ ફાડીને, જઈ સુતા સમશાણમાં—૩
સમજી ચાલો, ભાઈ ખટપટ ખોટી ત્યાગી
રટો નિરંતર નામ, શાન્તી મનની ભગી.
યુક્તિથી ભજો ભાઈ, સત્ય કહું છું વાણી.
દામોદર શું જાણ, આપ્યું નરસૈને પાણી.
સત્ય થકી જો ચાલશો, ભાવે ભુધર આવશે.
જીભે ભજ ભગવાન તું, રહેમ જરૂર એ લાવશે.—૪

પદ ૧ લું

અચકો મચકો કારેલી એ રાગ

ટેક આજે ઉડે અબીલ ગુલાલરે, સયું પધાર્યાં સ્વર્ગ ભણી

૧ મળ્યા વૃદ્ધ યુવાનને બાળરે, સયું ”
૨ વાગે પખાજ કાસી જોડરે સયું ”
૩ વાધ્યો આનંદ નહિ કંઈ થોડરે સયું ”
૪ ઉછળે ફુલ વિધ વિધ જાતરે સયું ”
૫ સૌ મુખે વદે જગ તાતરે સયું ”

૬ ઓગણીસેં અડસડ કેરી સાલરે સગુ''
૭ કારતક વદી ત્રીજે સુખ પાલરે સગુ''
૮ પુરૂષોતમ પ્રભુ સગુંદાસરે સગુ''
૯ વ્હાલો ચરણુ કમળમાં વાસરે સગુ'

પદ ૨. જું

ચાલો ઠાકોરમાં જઈ વસીયે એ રાગ

આવો આવો સજ્જન સહુ આવો
લ્યોને હરીભજનનો લ્હાવોરે ટેક
અમદાવાદમાં પ્રેમદરવાજા પાસે
મળેછે ભક્ત મેળાવોરે આવો ૧
હરી કથા જ્યાં ચાલુજ રહે છે
વાંચે મુખે મારો માવોરે આવો ૨
ઘરની પાસે ગંગા પધાર્યા
નિર્મળ જળમાં ન્હાવોરે આવો ૩
પુરૂષોતમ પ્રભુ સગુંદાસજીરે
ગોવિંદ ગોવિંદ ગાવોરે આવો ૪

પદ ૩. જું

ગાડી આવી ગુજરાત અગન કેરી ગાડીરે આવી
વાપ્યો સઘળે શોક અપાર, સંત સ્વર્ગે સીધાવ્યા
તમ સ્વર્ગ તણી સુણી વાત, મન સહુનાં મુઝાયાં ટેક

સાખી

અમદાવાદ રળીયામણું; પ્રેમદરવાજા પાસ
હોશ ધરી સહુ આવતા, સર્યુદાસ દર્શનની આશ સંત

સાખી

બોધ લેવા સૌ આવાતા, હૈયે લાવી પ્રેમ
ઉમંગ ધરી સૌ સાંભળે, એક કલાક કથાનો નેમ સંત

સાખી

ઓગણીસેં અડસઠ સાલમાં, રૂડો કારતક માસ
કૃષ્ણ પક્ષની ત્રીજ ધારીએ, ગુરૂવારે ૭ વાગે ખાસ સંત

સાખી

પથ્થર આપે પીગળીયા, આપી દુષ્ટને સાન
૪ એવા સર્યુદાસ ચરણ કમલને, ભાવધરી પુજે ભગવાન-સં

રઘુપતી રામ રૂદેમાં રહેજોરે—ટેક

ટેક ભુધર લાવી ભાવ વહારે મારી આવો રે—ટેક
મેહેતા નરસૈંની હુંડી સ્વીકારીરે નામ શામળાશાનું ધારીરે
રાખી ભક્તની લાજ તો ભારી ભૂધર-૧
તેલ કઢાથી સુધન્વા તાર્યોરે પ્રહ્લાદકાજે હીરણ્યકસ માર્યો
કબીર પુત્રને આવી ઉગાર્યો ભુધર—૨
પ્રભુ શલ્યાની અહલ્યા કીધીરે, કરમાબાઇની ભડકી પીધીરે
મોક્ષગતી ગજેંદ્રને દીધી ભુધર—૩
માસી પુતના નાખી મારીરે નીચગુંણીકાને તમે તારીરે

લજ્યા રાખી દ્રૌપદીની ભારી — ભુધર—૪
તજ્યું દ્વારકાં રૂડું ગામરે, આવી ડાકોર વસાવ્યું ધામરે
રાખવા ભકત બોડાણાનું નામ — ભુધર—૫
સોડતજી રાધાતણી આવોરે હું તો રાખું છું તમથી દાવોરે
પ્રભુ ભગવાનને મનભાવો — ભુધર—૬

પદ ૪થું.

મારે એરે પુરૂષનું કામ છે—એ રાગ

૧ મારા બાપુનું મારેકામ છે, મહારાજ સર્યુંદાસ નામછેરે—મારા
૨ અમદાવાદ પ્રેમ દરવાજાની પાસે, પ્રેમવાડીમાં મુકામછેરે—મારા
૩ સાંજ સવારે બોધજ દેછે, જેને રહાય સદા મન શ્યામછેરે—મારા
૪ બોધથકી કાંઇક બેચાર ભુલ્યા, જેનેમુખે હરિનું નામછેરે—મારા
૫ વૈષ્ણવજન સહુ ટોળે મળે છે, સોને મુખે રામ રામછેરે—મારા
૬ હરીભજનથીનહિકોઇદુ:ખીયા,ભજનેથીસુખીઆતમારામછેરે-મારા
૭જેનાનામે પદ અભય મળે છે, જેનું અધમ ઉધારણનામછેરે—માર
૮પુરૂષોતમ પ્રભુ સર્યુંદાસનારે, ચરણ કમળમાં પ્રણામછેરે—મારા

પદ ૫મું.

બલીહારી, રસીયા ગીરીધારી, સુંદીર શ્યામ હો

તજી અમને- એ રાગ

વારી વારી કહુંછું હું તો નાથ હો નમી તમને
ઓ મહારાજજી અધમ કૃત્યથી અમને ઉગાર્યાંજી ટેક
અમદાવાદની રે પ્રજા આનંદીજી

દર્શનથી થાતી પાવન—હોનમી તમને ૧
સાંજ સવારે બાપુ બોધજ દેતાજી
હવે ક્યાં મળશે એવો લાભ હોનમી તમને-૨
કુકર્મીઓ કુટેવો છોડીજી
છોડી દીધાં છે નીચાં કાજ હોનમી તમને-૩
દેશો દેશ માંહે કીર્તિ ફેલાણીજી
અમર કહેવાણું આપ નામ હોનમી તમને-૪
પુરૂષોતમ પ્રભુ સર્યુદાસજી રે
જપુ નામ આઠુ જામ હોનમી તમને-૫

પદ ૬ઠું.

દાણ માગે રે દાણ માગે એ રાગ

બોધ આપેરે બોધ આપે
ચાલો ચાલો જ્યાં લાભ છે અમાપરે ટેક
અમદાવાદમાં પ્રેમ દરવાજે (૨)
પ્રેમવાડીમાં પ્રભુનામ ગાજેરે બોધ-૧
મળ્યા નરને નારી લેવા લ્હાવો (૨)
શીખદેછે વાંચી મારો માવોરે બોધ-૨
શીખ સુણી સુધર્યાં કંઈક જનો (૨)
જેના દયાળુ થયા છે. મનોરે બોધ-૩
સાંજ સવારે જ્યાં બોધ દેવાયે (૨)
નકકી ત્યાં તો અધમી શુધ્ધ થાયેરે બોધ-૪

પુરષોતમ પ્રભુ સર્યુદાસ (૨)
સ્હાય કરજો સદા અવિનાશરે બોધ-૫

પદ ૭મું.

રાગ જોડકાંનો ઘોળ.

હરીજન લોકોથી ન ડરવું
સદા રામકૃષ્ણનું ભજન કરવું
લોકોને કહેવું હશે તે તો કહેશે
હરીજન હશે તે તો બોલકડાં સ્હેશે- ૧
હરીજન નીંદે તો નીંદવાઇએ
ગાળો દેતો આશીષ માની લઇએ
જેવું વાવશે તેવું તે ખાશે
નિંદા કરનાર નરકમાં જાશે ૨
સહુ નીંદે તો નીંદવાઇએ
પ્રેમ લાવી ગોવીંદના ગુણ ગાઇએ
માટે હરી જન ગણો ફળદાતા
કડુ વચન સુણે છે સુખ સાતા (૩)
દુનીયા રૂઠે કાંઇ નવનાથય
જેને સ્હાય છે સદા જદુરાય
ખરા પ્રેમથી ભકિત આદરવી
પરધન પરદારા પરહરવી (૪)

પર નિંદા નરકનું મુળ જાણો
હરી તણી ભકિત રૂદે માંહી આણો
સોંપો તન મન ધન હરી ચરણે
ઉગારશે આવી દયાળુ મરણે (૫)
સંભાળી હ્યોને ભાઇ આતક
સાધી હ્યોને જીવ્યા તણું સારથક
ત્રિવિકૃમની રૂદે ધરે શીખ
તેને ત્રણ લોકમાં નહી કોઇની બીક (૬)

ધનાશ્રી પદ ૮ મું.

રામ નામ ખરૂં નાણું, ગાંઠે બાંધો રામનામ ખરૂં નાણું—ટેક
નામ નાણું જેનું નિત્યે રળેછે, નહિ તેને જમ આણું—ગાંઠે—૧
પ્રેમ થકી એ ભેગું કરવાને, આવ્યું છે રૂડુ ટાણું—ગાંઠે—૨
દાસ ત્રિવિક્રમ નામ નાંણાથી, મન અતિ હરખાણું.—ગાંઠે—૩

પદ. ૯ મું.

રામ નામ ધન પાયો, મૈયા મેંતો રામ નામ ધન પાયો.—ટેક
ચાર વેદ ખટ શાસ્રનો સાર, તે મુજ રૂદીયે લખાયો—મૈયા—૧
હરી હીરોછે દેવળમાં, પ્રેમ પહરે સમાયો—મૈયા— ૨
અખુટ નાણું રૂડેરૂં મળીયું ખરચતાં ન ખુટાયો—મૈયા—૩
જેમ ખરચ્યા તેમ અદકું વધેછે, દીન દીન હોતથ સવાયો—મૈયા૪
દાસ ત્રિવિક્રમ હરીના ચરણમાં, પુરણ પ્રેમે છવાયો—મૈયા.૫

પદ. ૧૦મું.

બેદીનના મેમાન, અમે છીએ બેદીનના મેમાન—ટેક
આ સંસારછે સ્વપ્નાની બાજી, માટે તજો મદમાન—અમે–૧
કર્મ સંયોગે આવીને મળીયાં, જવાને નિજ નિજ ધામ. અમે.૨
પંખીની પેઠે ભેગાં થઈ બેઠાં, ચાલ્યા જશું તજી પ્રાણ અમે૩
કોઈ સંગાથે રાડ નકરજીઓ, હેત સદા મન માન—અમે–૪
દાન દયા દીનતા ઉરધારો, દેદે અન્નને દાન --અમે–૫
ત્રિવિક્રમ પ્રભુની હજુરે જાતાં, મળશે સુખ નિદાન—અમે–૬

પદ. ૧૧. મું.

મીથ્યા મમત મદમાન, તજમન મીથ્યા મમત મદ માન—ટેક
ધન ધામ સુત સગા સહોદર, લુટી લેશે નિર્વાણ—તજ–૧
ચોકાની માંહી ચીજો ઉતારે, પ્રપંચી નારી જાણ.—તજ–૨
શ્વાસ છે ત્યાં સુધી મુઠી બાંધીલે, પંડ તજી જશે પ્રાણ—તજ૩
જુઠી માયા તજી રામ ભજીલે અંતે થાશે શુભ કામ—તજ–૪
દાસ ત્રિવિક્રમ પ્રભુ કૃપાથી, તજ્યું મમત મદમાન,—તજ–૫

પદ. ૧૨. મું.

સુંદરજી તમને ભુલ્યોરે, ભટકુંછું ભવમાં
તે માટે દુઃખમાં ડુલ્યોરે, ભટકુંછું ભવમાં—ટેક
વાલાજી મારા ધર્મ નો મારગ નવ ઝાલ્યો
હું અવળે રસ્તે ચાલ્યો રે— ભટકુંછું ભવમાં
વાલાજી મારા સંસારના સુખમાં ડુલ્યો

તેથી ભજન તમારૂં ભુલ્યો રે—ભટકું છું— ૨
વાલાજી મારા યોવન રસમાં ઘુંચાણો
હું માયામાં બંધાણોરે—ભટકું છું- ૩
વાલાજી મારા સંત સમાગમ નવ કીધો
મે વિષ નો પ્યાલો પીધોરે— ભટકું છું - ૪
વાલાજી મારા કર જોડી ત્રિવિક્રમ કહેછે
પ્રભુ ના શરણે સદા રહેછેરે- ભટકું છું ૫

પદ. ૧૩. મું.

શામળી આ શરણે આવ્યોરે, કરગરી કહું છું
વિનંતી રૂદીયામાં લાવોરે, કરગરી કહું છું —ટેક
વાલાજી મારા અરજી કરૂં છું દાડી દાડી
હવે શાને કરો છો આડીરે કરગરી—૧
વાલાજી મારા શરણાં ગતનાછો પ્રતિપાળ
તમેછો દીન દયાળરે કરગરી—૨
વાલાજી મારા દુઃખની વેળાનું તમેનાણું
મારા રૂદીયામાં પરમાણુંરે કરગરી—૩
વાલાજી મારા અંતે અળગા નવ થાશો
શામળીયા બાંય રહાસોરે કરગરી—૪
વાલાજી મારા મ્હેર કરી શરણે રાખો
ત્રીવિક્રમ ભવ દુઃખ ભાગોરે કરગરી—૫

ગરબો

અલબેરી અંબે માત જોવાને જઇએ એ—રાગ

છે આ જાતીને ધીક્કાર, કામ કુડાં કરતી
લોપે મરજાદા કુળાચાર, કોઇથી હ્વતીડર—ટેક
ગણાતી અબળા કામે પ્રબળા, કૃતિકરે ભિન્ન ભિન્નરે
મંજારી પેઠે સો ઉંદરમારી, પાટે બેસે થઇ અવિચ્છિન્ન કામ-૧
એકની સાથે હસી તાલી લે, બાંધી બીજાથી પ્યારરે
નયન બાણુથી વીંધે ત્રીજાને, ચોથાશું રમે વ્યભિચાર કામ-૨
નિજ સ્વામીપર રતીન પ્રીતિ, પરથીછે ઘણું હેતરે
મન અભીલાશા પુરણુ કરવા, ધરતી મનમાં ટેક કામ-૩
મરણુ મોહન જાર ઉચ્ચાટન, વશીકરણને હાથરે
નડતર હોય તેને દુર કરાવી, મનમાન્યા શું ધાય કામ-૪
વશીકરણુમાં વળે ગોટાળો, થાય દ્રવ્યનો ભોગરે
ઘાત કરતાં પગ પાછો ન ધરતી, વ્યાપ્યો કામનો રોગ કામ-૫
રાત દીવસ મન રહે ભટક્તું, પુરવા મનતણી હામરે
વિદારણુ કરવા વિદ્વેશણુ સાધે, કરવા ભિન્ન ભિન્ન કામ કામ-૬
મારણુ કરતાં થાય વિટંબણા, ભાગે મનની આશરે
સવળુ સાધતાં ઉલટું જથાએ, કાંત્યું પીંજ્યું કપાસ કામ-૭
દુષ્ટ સ્વભવ નારીંના ગણીએ, કરે નીચશું પ્રિતરે
કપાવે નાક ઘડીએકમાં લલના, તજી સ્વધર્મ નીરીત કામ-૮

કામ કરતા પહેલાં વિચાર ન કરતી, જેથી પડતું પસ્તાવુંરે
નગણી આવી વિષમય વનિતા, કૃત્ય કરે નિત્ય આવું કામ-૯
આવ્યો અંધાપો ત્રણ દીવસનો, વાધ્યું જુવાનીએ પુરરે
કોઇની શીખ ધરે નહીં કાને, ભરે ઘોયામાં ધુળ કામ-૧૦
મન માન્યાં કામ કરીને થાકે, ઘસે પછીથી હાથરે
ખાસ ખાસડાં તોય નમોને, નીચ કુટીલ કમજાત, કામ-૧૧
નારી કોઇની થઇ નથીને, ન કોઇની થવાનીરે
નીચ સંગાથે મન માન્યું તો, ઝટ ભુપને તજવાની કામ-૧૨
જાતે અનુભવી નજરે જોઇ, આ કવીતાને બનાવીરે
ત્રિવિક્રમશાણુઆ અશકિતનાકરશો,હોયભલે મનભાવી કામ-૧૩
ઓગણીસેં સત્તાવન સાલે, અધિક શ્રાવણ માસરે
કૃષ્ણ અષ્ટમી બુધે સવારે, રચિ કવિતા ખાસ કામ—૧૪

રાગ પુનમ ચાંદનીનો.

ધાવો દામોદર ભકતવારે પ્રેમથીરે
ભકતવત્છલ દોડા સેવક કરવાનાં કાજ
હોંશધરી ત્રીકમ વહેલા આવજોરે ટેક

સાખી

હીરણ કશ્યપુ મારીને ઉગાર્યો પ્રલ્હાદ
દર્શણ આપ્યું ધ્રુવને, સુણી ભકતીની દાદ
દુર્વાસા પાછળ સુદર્શન મુકયું કોધથીરે
અમરીષરાયનું વૃત સાચવવાને કાજ હોંશ-૧

સાખી

ગોરો ભજન કરે છે પ્રેમથીને લાગ્યું પ્રભુમાં તાન
ભજન કરતાં બાળક સુવો નહિ ગોરાને ભાન
નારી તજવા હસ્ત કાપ્યા ભક્તે પ્રેમથીરે
બાળજીવાડી, સાજા હસ્ત કર્યા સીરતાજ હોશ-૨

સાખી

કાલો કુંવર કબીરનો સાધુ સંતને ગાદ
ફાંસી ચઢયો છે પ્રેમથી ઉગાર્યો સાક્ષાત
તેલ કઢાથી સુધન્વા તાર્યો હોંશથીરે
મંઝા બાળ બચાવી રાખી ભક્તની લાજ હોંશ ૩

સાખી

કૌરવ સભમાં ખેંચતાં પંચાળીનાં ચીર
ચીર પુરવા આવીયા સુભદ્રાના વીર
ચીર પુરી પુરણ કીધા ભક્ત કામનેરે
ભાવે ભગવાન ભજું જે જગરાજ હોંશ ૪

ભાગ ૧ લો

સમાસ

શ્રી કુરૂષને સરખો લાભ.

સર્વે ગંગાના પવિત્ર નિર્મળ જળવત્

મહાત્મા.

સર્યુદાસજી

નો તમામ ગુર્જરી પ્રજાને થયેલો

સંત વિયોગ.

ભાગ ૨ જો.

પ્રગટ કરનાર — [illegible]

અમદાવાદ

પ્રિય સજ્જનો આ સંતના જીવનચરિત્રનું કાર્ય કરવાને અનેક પ્રકાર પાડેલ છે જેમાંથી જે કાંઈ ઉપજ આવશે તે મહાત્મા શ્રી સર્યુદાસજીના પાવન પુણ્યાર્થે વાપરવામાં આવશે આ પુસ્તક ઉપર ઘણા લોકોનો આગ્રહ હોવાથી થોડા વખતમાં ભાગ પહેલો બહાર પાડેલો છે હવે પછીનો બીજો ભાગ મોટા કદમાં અનેક ભજનો શ્રી પ્રભુના ગુણગાનો અને ભક્તિરસનો સમાવેશ કરવામાં આવેલો છે તો સજ્જનો આ પ્રયત્નનો સ્વીકાર કરી ધર્મના કાર્યમાં મદદ કરશો એવી આશા છે અગાઉથી ગ્રાહક થનાર પાસેથી કિંમત આના ૪ તથા પાછળથી ગ્રાહક થનાર પાસેથી આના આઠ લેવામાં આવશે. ગ્રાહકોના પહેલા આવશે તેઓના નામ પ્રસિદ્ધ કરવામાં આવશે. તે બન્નેને માટે પોસ્ટેજ જુદું લેવામાં આવશે. [illegible] તેમને [illegible] મળશું. અમારા પર પત્ર લખવાથી ભાવ મંગાવવા.